# Faculty of Engineering Technology & Research - Bardoli

Bardoli-Navsari Road, Isroli (Tajpore), Bardoli, Dist: Surat – 394620
Phone No.: 95129 00457, 95129 00458 • www.fetr.ac.in

## " B. Voc. Degree Programme"

**B. Voc. (Software Development)**
**B. Voc. (Production Technology)**
**B. Voc. (Refrigeration and Air conditioning)**

(Recognized by AICTE, New Delhi and Affilated with Gujarat Technological University, Ahmedabad)




**શું આપે ધોરણ-૧૨ (સાયન્સ / કોમર્સ / આર્ટસ) પાસ કરેલ છે ?**
**શું આપ ધોરણ-૧૨ પછી** B.Sc/BCA/BBA/B.Com **કરવા માંગો છો ?**
**શું આપ જોબ ઓરિએન્ટ કોર્સ કરવા માંગો છો ?**

વિદ્યાર્થીઓ માટે ધોરણ ૧૨ કોઈપણ શાખામાં પાસ કર્યા પછી સરકાર દ્વારા કંપનીઓ દ્વારા અને નેશનલ સ્કીલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (NSDC), ભારત સરકાર દ્વારા પ્રમાણિત બેચલર ઓફ વોકેશન (B.Voc.) નામના ૦૩ વર્ષનાં સમય ગાળાનો ગ્રેજયુએશન કોર્સની શરૂઆત કરવામાં આવી છે. આ કોર્સ ધોરણ ૧૨ પછી ના કોઈપણ કોર્સ જેમકે B.Sc. / B.B.A. / B.C.A. / B.Com / B.A. કરતા પણ શ્રેષ્ઠ અને ઉચ્ચ કક્ષાનો છે. સરકારી કોર્સ હોવાથી આની વધુ જાહેર ખબર જોવા મળશે નહિ એટલે આ ખુબ જ અગત્યની વિગત અહી મેળવો.

**ભારતભરમાં** B.Voc. **ચલાવનાર પ્રસિદ્ધ સંસ્થાઓ:**

(1) Tata Institute of Social Sciences (TISS), Bangaluru (2) St. Xavier's College, Mumbai (3) HR College of Commerce and Economicas, Mumbai (4) University of Pune (5) Amity University (6) St. Joseph's college, Bangalore (7) Carmel College, Kerala (8) Ranchi University, Ranchi વગેરે **કુલ ૧૨૭** જેટલી નામાંકિત કોલેજો/યુનિવર્સિટી દ્વારા B.Voc. નો કોર્સ ચલાવવામાં આવે છે.

**ગુજરાતમાં કયાં ?**

ગુજરાતમાં બારડોલી ખાતે તાજપોર (ઈસરોલી) સ્થિત ફેકલ્ટી ઓફ એન્જીનીયરીંગ ટેકનોલોજી એન્ડ રીસર્ચ (એફ.ઈ.ટી.આર. કોલેજ) ડીગ્રી એન્જીનીયરીંગ કેમ્પસમાં અત્યારે AICTE, ન્યુ દિલ્હી દ્વારા B.Voc. નાં ત્રણ વર્ષના સમય ગાળાનો ૦૩ કોર્સની માન્યતા મળેલ છે આ કોર્ષ માટે કોલેજ દ્વારા અદ્યતન લેબોરેટરી ધરાવતુ વિશાળ **હંસાબેન બી. પુનાવાલા વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર** નું નિર્માણ કરેલ છે.

**કોર્સની ખાસીયત:**

૧. B.Voc. કોઈ કોલેજ કે યુનિવર્સીટી એ નહિ પણ ખુદ સરકારે UGC અને AICTE, ન્યુ દિલ્હી દ્વારા બનાવેલો છે.

૨. વિવિધ કંપનીઓ જેમ કે અમૂલ, ગોદરેજ લિમિટેડ, ડાબર ઈન્ડિયા લિમિટેડ, પેપ્સીકો ઈન્ડીયા, નેસ્લે ઈન્ડીયા પ્રાઈવેટ લિમિટેડ, બ્રિટાનીયા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, પારલે પ્રોડકટ્સ પ્રાઈવેટ લિમિટેડ, ટેલ્કો, L&T, ASHOK LEYLAND, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, બજાજ ઓટો, મારૂતિ સુઝુકી, ટોયોટા, યામાહા વગેરે કંપનીઓ દ્વારા ધોરણ ૧૨ પછી B. Voc. કરનાર વિદ્યાર્થીઓને તુરંત જ નોકરી અથવા રોજગારી આપવામાં આવે છે.

૩. વિદ્યાર્થી ભણવાની સાથે સાથે દરેક સેમેસ્ટરમાં નેશનલ સ્કીલ ડેવલપમેંટ કોર્પોરેશન (NSDC) દ્વારા તૈયાર કરવામાં આવેલ on જોબ ટ્રેનિંગ પેક ઓફર કરવામાં આવશે, જેનાથી ભણતા ભણતા કંપનીમાં પ્રેકટીકલ અનુભવ પણ મેળવશે. જે અમને જોબ મેળવવામાં ખુબ જ મદદરૂપ નીવડે છે.

૪. વિદ્યાર્થીને બીજો કોઈ ડીગ્રી કોર્સ કરવાની જરૂર રહેતી નથી. કારણકે આ કોર્સ AICTE માન્ય અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી (જીટીયુ), અમદાવાદ દ્વારા પ્રમાણિત ગ્રેજયુએશન કોર્સ છે.

૫. વિદ્યાર્થી B. Voc. કર્યા બાદ તુરંત જ ફુલ ટાઈમ જોબ મેળવી શકે છે, આગળ પોસ્ટ ગ્રેજયુએશન કોર્સમાં એડમિશન મેળવી શકે છે, તથા સરકારી નોકરી માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી પણ કરી શકે છે.

## AICTE, ન્યુ દિલ્હી તથા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી (GTU) દ્વારા માન્ય વોકેશનલ કોર્ષ

| ક્રમ | કોર્ષ | બેઠક સંખ્યા | સમયગાળો | યોગ્યતા | ફેકલ્ટી | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧ | B.Voc. (પ્રોડકશન ટેકનોલોજી) | ૨૫ | ૩ વર્ષ | ધોરણ – ૧૨ પાસ કોઈપણ શાખા | શ્રી નીરવ રાઠોડ<br>શ્રી મિતુલ પટેલ | ૯૮૯૮૪૧૨૨૪૨<br>૯૭૨૬૮૭૮૫૮૩ |
| ૨ | B.Voc. (સોફટવેર ડેવલોપમેન્ટ) | ૨૫ | ૩ વર્ષ | | શ્રી વિવેક જોશી<br>શ્રી કરણ ભટ્ટ | ૯૫૧૦૯૨૨૯૩૬<br>૯૮૯૮૪૨૧૪૮૯ |
| ૩ | B.Voc. (રેફિજરેશન એન્ડ એર-કંડીશનીંગ) | ૨૫ | ૩ વર્ષ | | શ્રી આશિષ દેસાઈ<br>શ્રી વિશાલ ભગતવાલા<br>શ્રી જીતેન્દ્ર ચૌધરી | ૯૯૭૮૭૯૭૯૫૯<br>૯૩૭૬૮૫૫૨૩૦<br>૯૬૦૧૫૬૪૬૮૪ |

ધોરણ ૧૨ (કોમર્સ/સાયન્સ) ની માર્ચ ૨૦૧૮ માં પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ B. Voc. માં પ્રવેશ મેળવી શકશે. પહેલા સાયન્સના વિદ્યાર્થીઓને અગ્રીમતા આપવામાં આવશે.

પ્રવેશ ફી: આ કોર્સ માટે અંદાજીત ૧૨ થી ૧૫ હજાર રૂપિયા પ્રતિ સેમેસ્ટર ફી સરકારશ્રી દ્વારા નકકી થયા પ્રમાણે રહેશે. ઉપરોકત કોર્સ માટે આ કોલેજ દ્વારા ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ, ઈન્ટરશીપ ટ્રનિંગ, ઓન જોબ ટ્રેનિંગ માટે જેતે ફિલ્ડની કુલ ૧૫ નામાંકિત કંપનીઓ સાથે MOU કરવામાં આવ્યા છે. જેમાં દરેક વર્ષના અંતે ઓન જોબ ટ્રેનિંગ આપવામાં આવશે અને આ કોર્સ પૂર્ણ થયા બાદ પ્લેમેન્ટ પણ આપવામાં આવશે.

**પ્રસ્તાવના:**

ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનીકલ એજયુકેશન (AICTE) એચઆરડી મંત્રાલય, ભારત સરકારે બી. વોક. ના વ્યવસાયલક્ષી સ્કિલ ડેવલોપમેન્ટ અભ્યાસક્રમ શરૂ કર્યા છે. બી. વોક. અભ્યાસક્રમો એઆઈસીટીઈ દ્વારા મંજુર થયેલા માળખા અને સંસ્થાઓમાં ઉપલબ્ધ સુવિધાઓનો ઉપયોગ કરીને ચાલશે. આ વિશિષ્ઠ અભ્યાસક્રમોમાં સંસ્થાના અને ઈન્ડસ્ટ્રીઝના તાલીમબદ્ધ તજજ્ઞો દ્વારા સૈદ્ધાંતિક તથા પ્રાયોગિક શિક્ષણ આપવામાં આવશે અને સમયાંતરે ઈન્ડસ્ટ્રીઝની મુલાકાત પણ લેવાશે.

**કોર્સનો હેતુ:**

સફળતાપૂર્વક આ વ્યાવસાયિક અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ, વિદ્યાર્થીએ યોગ્ય અને પર્યાપ્ત ટેકનીકલ જ્ઞાન મેળવ્યું હશે અને તેઓ પ્રોડકશન ટેકનોલોજી અને મેન્યુફેકચરિંગના ક્ષેત્રમાં વ્યવસાયિક કુશળતા અને સ્પર્ધાત્મકતાની સાથે ટકી શકશે કે જેથી તે યોગ્ય રીતે આ વ્યવસાયમાં લાભદાયી રોજગાર લેવા તથા પોતે એક સારો વ્યવસાય ઉભો કરી શકવા સજ્જ થઈ શકે.

**ટોચની ભરતી કરતી સંસ્થાઓ:**

અમુલ, ગોદરેજ ઈન્ડસ્ટ્રિયલ લિમિટેડ, ડાબર ઈન્ડિયા લિમિટેડ, પેપ્સીકો ઈન્ડિયા હોલ્ડિંગ્સ, નેસ્લે ઈન્ડિયા પ્રા. લિમિટેડ, બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, પાર્લે પ્રોડકટ્સ પ્રા. લિમિટેડ, ટેલકો, એલ એન્ડ ટી, અશોક લેલેન્ડ, મહિન્દ્ર એન્ડ મહિન્દ્રા, હલ્ડેકસ ઈન્ડિયા, બજાજ ઓટો, મારૂતિ સુઝુકી, ટોયોટા, યામાહા, હ્યુન્ડાઈ, હિરો મોટોકોર્પ, ફોકસવેગન, ઓડી, રેનો વગેરે તથા વિદેશોમાં પણ બહોળી તકો પુરી પાડે છે. જેમાં મુખ્યત્વે New Zealand, Australia અને Gulf Countries માં નોકરીની ઉજ્જવળ તકો ઉપલબ્ધ છે.

**કોર્સનો અભ્યાસક્રમ:**

આ કોર્સનું અભ્યાસક્રમ ઉદ્યોગ-આધારિત અને કાર્ય-સંકલિત છે. અભ્યાસક્રમનો મુખ્ય ધ્યેય યોગ્ય જ્ઞાન, પ્રેકિટસ અને ઉદ્યોગિક વલણ સાથે વિદ્યાર્થીઓને તૈયાર કરવાનો છે તથા વિદ્યાર્થીઓમાં રોજગાર ક્ષમતા વધારી અને ઉદ્યોગની આવશ્યકતાઓને પૂરી કરવાનો છે.

- અભ્યાસક્રમની સાથે જ ઉદ્યોગમાં ચોકકસ નોકરીની ભૂમિકાઓને લગતા રાષ્ટ્રીય વ્યવસાય ધોરણે (NOS) તથા On-Job-Training (OJT) ના કોર્સ ઉમેરવામાં આવ્યા છે. આના દ્વારા વિદ્યાર્થીઓને ઉલ્લેખિત શિક્ષણ અને તેના પરિણામોને પહોંચી વળવા માટે સક્ષમ બનાવી શકાય.
- અભ્યાસક્રમની ડિઝાઈન એવી રીતે કરેલ છે જેથી વિદ્યાર્થીઓ યોગ્ય કુશળતા પ્રાપ્ત કરી ને તેને સંલગ્ન ઈન્ડસ્ટ્રીઝમાં તુરંત નોકરી મેળવી શકે.
- અભ્યાસક્રમ તાલીમના દરેક સેમેસ્ટરમાં વર્ક-રેડીનેસ પર ધ્યાન કેન્દ્રિત કરશે. જેથી વિદ્યાર્થી ઈન્ડસ્ટ્રીઝમાં જઈને સીધું કામ કરી શકે.
- વાસ્તવિક તાલીમ, વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ, કાર્યસ્થળે તાલીમ અને પ્રોજકટને લગતા કામ માટેના અભ્યાસક્રમમાં પૂરતુ ધ્યાન આપવામાં આવશે.

**પ્રવેશની લાયકાત :** માન્ય શિક્ષણ બોર્ડ તરફથી ધો. ૧૨ કોઈપણ શાખામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકે છે.

# માન્યતા પ્રાપ્ત વોકેશનલ કોર્સીસની ખાસીયતો

## 1. Bachelor of Vocation (B. Voc.) In Software Development





**આ કોર્ષ દરમ્યાન દરેક સેમેસ્ટરમાં ઓફર કરવામાં આવતા** On-Job-Training (OJT)/ **વિષય આધારિત સર્ટીફીકેટ કોર્સની યાદી:**

Sem 1 : Infrastructure Engineer
Sem 2 : Web Developer
Sem 3 : Junior Data Associate
Sem 4 : Software Engineer
Sem 5 : Consultant Network Security
Sem 6 : Master Trainer for Software Developer

**વિવિધ સોફ્ટવેર ડેવલપમેન્ટ ને લગતી ઈન્ડસ્ટ્રીઝ સાથે ના કોલેજ દ્વારા કરવામાં આવેલ** MOU **કરાર**

- રેડ હેટ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદ.
- એસ્કોવ ઈન્ફોટેક, સુરત.
- સોલ્વીન ઈન્ફોટેક, સુરત.
- બિતોન્ઝ ઈન્ફોટેક, સુરત.
- સીલીકોન્બ્રીકસ સિસ્ટમ પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદ.
- સુરત આઈ.ટી. કંપની ઓનર્સ એસોસીયેશન (સીકો), સુરત.

**ઉપલબ્ધ નોકરીની તકો :**

• વેબસાઈટ ડેવલોપર : વેબ પેજ ડિઝાઈન, સ્ટ્રકચરિંગ અને ક્રિએશન • સોફ્ટવેર ટેસ્ટર : ટેસ્ટિંગ ઓફ સોફ્ટવેર, યુઝર ઈન્ટરફેસ એન્ડ એપ્લિકેશન • યુઝર ઈન્ટરફેસ ડિઝાઈનર : ક્રિએટિંગ, ડેવલોપિંગ એન્ડ મેઈટેઈનીંગ યુઝર ઈન્ટરફેસ બેઝ સોફ્ટવેર • એપ્લિકેશન ડેવલોપર : ડેવલોપમેન્ટ એન્ડ કોડિંગ ફોર યુઝર ફ્રેન્ડલી એપ ફોર પોર્ટેબલ ડિવાઈઝ લાઈક મોબાઈલ એન્ડ ટેબ્લેટ • કમ્પ્યુટર ગ્રાફિકસ ડિઝાઈનર.

## 2. Bachelor of Vocation (B. Voc.) In Production Technology







**આ કોર્ષ દરમ્યાન દરેક સેમેસ્ટરમાં ઓફર કરવામાં આવતા** On-Job-Training (OJT)/ **વિષય આધારિત સર્ટીફીકેટ કોર્સની યાદી:**

Sem-1 : Metal Arc Welding
Sem-2 : CNC Setter Cum Operator
Sem-3 : CNC Programmer
Sem-4 : Quality Inspector-Forged, Machined Component
Sem-5 : Tool & Die Maker
Sem-6 : Designer - Mechanical

**વિવિધ પ્રોડકશન ટેકનોલોજી ને લગતા ઈન્ડસ્ટ્રીઝ સાથે ના કોલેજ દ્વારા કરવામાં આવેલ MOU કરાર :**

- નોવા ટેક, નવસારી
- સેતુ ફાઉન્ડેશન, સુરત
- કવોલિટી સર્કલ ફોરમ ઓફ ઈન્ડિયા સુરત ચેપ્ટર, સુરત
- ડી.આઈ.સી., સેલવાસ
- ઈટામા, મુંબઈ
- ઈન્ડીયન ટેક્ષટાઈલ્સ એસેસરીઝ, મશીનરી મેન્યુફેકચરીંગ એસોસીએશન, મુંબઈ.

**ઉપલબ્ધ નોકરીની તકો:**

- મેન્યુફેકચરિંગ કંપનીમાં મિકેનિક તરીકે નોકરીની તકો.
- મેન્યુફેકચરિંગ કંપનીને સંલગ્ન કંપનીમાં સહાયક અને મુખ્ય ઈજનેર તરીકે.
- મેન્યુફેકચરિંગ કંપની ફિલ્ડના સલાહકાર તરીકે બહોળી તક.
- ઉદ્યોગસાહસિક બનવાની ઉત્તમ તક.

# 3. Bachelor of Vocation (B. Voc.) In Refrigeration and Air Conditioning



**આ કોર્ષ દરમ્યાન દરેક સેમેસ્ટરમાં ઓફર કરવામાં આવતા On-Job-Training (OJT)/ વિષય આધારિત સર્ટીફીકેટ કોર્સની યાદી:**

Sem-1 : Field Technician - AC
Sem-2 : Field Technician - Refrigeration
Sem-3 : Field Engineer - RACW
Sem-4 : Cold Storage Technician
Sem-5 : AC Specialist - Automobile
Sem-6 : Assembly Operator



**વિવિધ રેફીજરેશન અને એર કન્ડીસન ને લગતી ઈન્ડસ્ટ્રીઝ સાથે ના કોલેજ દ્વારા કરવામાં આવેલ MOU કરાર :**

- પૂર્વી એન્જીનીયરીંગ ઈન્ડિયા પ્રા. લિ., સુરત
- રાજ રેફીજરેશન સિસ્ટમ, સુરત
- ફ્યુચર એચવીએસી સિસ્ટમ, સુરત
- કોલેજ દ્વારા ISHRAE સ્ટુડન્ટ ચેપ્ટર પણ ચાલુ કરવામાં આવેલ છે.

**ઉપલબ્ધ નોકરીની તકો :**

- એર કંડીશનીંગ, રેફીજરેશન અન હિટીંગ મિકેનિક તરીકે નોકરીની તકો
- HVAC ને સંલગ્ન કપંનીમાં સહાયક અને મુખ્ય ઈજનેર તરીકે
- એર કંડીશનીંગ અને રેફીજરેશન ફિલ્ડના સલાહકાર તરીકે બહોળી તક
- ઉદ્યોગસાહસિક બનવાની ઉત્તમ તક
- New Zealand, Australia અને Gulf Countries માં નોકરીની ઉજ્જવળ તકો ઉપલબ્ધ છે.




N·S·D·C National Skill Development Corporation

## H.B. Punawala Vocational Training, PG & Research Centre (HPVTC), Faculty of Engineering Technology and Research (F.E.T.R.)

**( R. N. G. Patel Institute of Technology - R.N.G.P.I.T. )**

Bardoli-Navsari Road, Isroli (Tajpore), Bardoli, Dist: Surat – 394620
Phone No.: 95129 00457, 95129 00458
www.fetr.ac.in